સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નાક દબાવે માયા-મમતા એનું મોં ખોલે છે,
મૂંગા વડાપ્રધાન સાવ દોકડાની તોલે છે,
વાંક ગમે તેનો હોય - માર ખાય વનેચંદ,
હાલતાં અને ચાલતાં સૌ લે એમને ધોલે છે..
(રોબોટ વડાપ્રધાન)

ઉજવાવે એ
જાહેર ખબરીયો -
જન્મ દિવસ..
(લોકલાગણીનો ઊભરો!)

અમેરિકાની -
- ઉતરી ગઇ ફિલ્મ,
મુસ્લિમ પર્દે..
(ફ્લોપ વિશ્વ જમાદાર)

ચિંતન

છિન્નો અપિ રોહતિ તરૂઃ ક્ષીણો અપી હ્રપચીયતે પુનશ્ચંદ્રઃ ।
ઇતિ વિમૃશન્તઃ સંતઃ સંતપ્યન્તે ન તે વિપદા ॥

'વૃક્ષને કાપવા છતાં તે ફરીથી, વારંવાર ઉગે છે, ચંદ્ર ઘટવા છતાં ફરીથી તેની કળાઓ પૂર્ણિમા સુધી ફરી ફરી વધે છે, આમ વિચારીને જ સજ્જન લોકો આફત આવે ત્યારે વ્યથિત થઇ જતા નથી.'

એક કહેવત છે આજ ઉગી છે એવી કાલ નહીં ઉગે - અર્થાત આજે જો સુખ છે તે આવતી કાલે રહેવાનું નથી એવી જ રીતે આજે જે દુઃખની પરિસ્થિતિ છે તે પણ આવતી કાલ સુધી રહેવાની નથી. પરિસ્થિતિ, સમય, સંજોગ પરિવર્તન-શીલ છે. પૈડાંના આરાની જેમ, ચક્ર ઉપર-નીચે જાય તેમ પરિસ્થિતિ સુખદ-દુઃખદ થયા કરે છે.

સજ્જન-બુધ્ધિશાળી વ્યક્તિઓ આ વાત બરાબર સમજે છે અને સમજી જાય છે કે હાલ આપણો સમય સારો નથી કે અત્યારે આપણી 'કાની' કામ કરે છે ત્યારે કામ ન કરવા જેવાં નથી કરતા કે કરવા જેવાં તાત્કાલિક કરી નાખે છે.

દિવસ બધાના એક સરખા રહેતા નથી ચઢતી-પડતીના વારા ઢાળા આવતા જ રહે છે, તેથી સમજુ વ્યક્તિએ 'ધીરજ' ધરવી જોઇએ વ્યથિત થયા વિના શાંતિ રાખી સ્વસ્થ રહેવું.

સુવિચાર

- પ્રામાણિકતા અને સત્ય સર્વ સદ્‌ગુણના પાયા છે - **કોન્ફ્યુશિયસ**
- અન્ય પ્રત્યે દર્શાવેલો સદ્‌ભાવ એ સ્વાર્થ જ છે, જો સામેની વ્યક્તિ પાસેથી પણ આપણને એવી જ અપેક્ષા હોય તો - **સ્વામી રામતીર્થ**
- માત્ર સોના-ચાંદીનું જ ચલણ હોય એવું નથી, સદ્‌ગુણનો સિક્કો વિશ્વભરમાં ચલણી છે - **યુરિપિડિસ**
- જેના હૃદયમાં સદ્‌ભાવ રહેતો હોય ત્યાં ક્રોધને રહેવાનું સ્થાન જ નથી - **સુકરાત**
- હઠાગ્રહી સદ્‌ગુણ કરતાં બાંધછોડ થઇ શકે એવો દુર્ગુણ સારો - **મોલિયર**
- સદ્‌ભાવ કહી બતાવવાની બાબત નથી એ વ્યક્ત કે અભિવ્યક્તિની બાબત છે - **સુકરાત**
- બીજાના સદ્‌ગુણોના વખાણ કરવા કરતાં એને અપનાવો - **આરિફ શાહ**

બોધકથા

આજકાલ બાળકો-વાલીઓમાં દેખાદેખીની સ્પર્ધા ખૂબ છે, બાળકો શાળાના મિત્રો પાસે કોઇ પેન-સાધન-રમકડું જૂએ કે તરત ઘેર આવી માગણી મૂકે અને 'હઠ' સુધી એ ખેંચી જાય. સ્ત્રીઓ પણ કપડાં-ઘરેણાંમાં પાછળ રહેતી નથી. બાળકને ખર્ચની, સાચી જરૂરિયાતની કે ખોટી હઠ માટે મા-બાપે સાચી સમજ આપી તેની દરેક ઇચ્છા પૂરી ન કરવી જોઇએ.

બૂકર એક ઇંગ્લેન્ડની ગ્રામ્ય શાળામાં ભણતો હતો. તે જમાનામાં દરેક વિદ્યાર્થી માથાં પર ટોપી-કેપ-હેટ સ્થિતિ પ્રમાણે-પહેરીને આવતો હતો. બૂકર ઉઘાડે માથે પહેલે દિવસે ગયો. આવીને માની પાસે 'સુંદર હેટ' ખરીદી આપવા 'હઠ' કરી ગરીબ માએ આર્થિક પરિસ્થિતિનું સાચું ચિત્ર સમજાવીને 'હેટ' તો નહીં જ અપાવી શકે, પણ રાત જાગી, ચિંદરીઓમાંથી હાથ વણાટની એક સુંદર ટોપી બનાવી દીધી.

બૂકરને પણ એ ટોપી ગમી ગઇ. શાળાના અન્ય ધનિક વિદ્યાર્થીઓ પોતાની 'હેટ'ના બદલે એ 'ટોપી' લેવા તૈયાર હતા. બૂકરને 'ટોપી' નું અને એમાં ગૂંથાયેલાં માતૃપ્રેમનું મહત્ત્વ વર્ષો પછી સમજાયું.

દેવું કરીને રોફ ન મારવો. સ્વાલંબ અને પરિશ્રમમાં જ સુખ-શાંતિ-આનંદ છે.

દુનિયામાં કલંદર એ જ બની શકે છે, જે પીડાને પણ હસી કાઢતો હોય... બીજા અનેક લોકો કદાચ આપણાથી પણ વિષમ પરિસ્થિતિઓમાંથી પસાર થઇ રહ્યાં હશે...

ઈસ મેં કૌન સી બડી બાત હો ગઈ!
વિચારયાત્રા
- જય ઓઝા

'ચલો દિલ્લી' ફિલ્મ હમણાં ગઇ. લગભગ બે વર્ષ પહેલાં રિલીઝ થયેલી આ ફિલ્મમાં વિનય પાઠક અને લારા દત્તા છે... તમને થશે કે 'બર્ફી' જેવી સુપરફૂલ મુવી હમણાં આવી છે, ત્યારે આ બે વર્ષ જૂની ફિલ્મની કયા વાત શરૂ કરી! પણ આપણે તો મકરન્દ દવેની પંક્તિ "ગમતાનો કરી ગુલાલ" નાં સિધ્ધાંતમાં માનીએ છીએ...

ફિલ્મ જોઇને મજા આવી ગઇ, ખૂબ જ હળવી શૈલીમાં જીવનની મૌટી ફિલસૂફી શીખવાડી જતી આ ફિલ્મ સુપર્બ છે...

ફિલ્મ બે પાત્રોની આસપાસ જ ફરતી રહે છે, લારા દત્તા એક બિઝનેશ વુમન છે, મલ્ટીનેશનલ કંપનીની માલિક છે... દરેક વાતમાં ચોકસાઇનો આગ્રહ રાખે છે.

જયારે સામા છેડે વિનય પાઠક એક સાવ લોઅર મિડલ ક્લાસ પર્સન છે... જે "પડશે એવા દેખાશે" વાળી થીયરી follow કરે છે... દરેક મુશ્કેલીને હસી નાખવાની તેની આદત છે. જીવનનાં દરેક પળને તે માણે છે... લિજ્જત લે છે...

આ બંને ઉત્તર - દક્ષિણ ધ્રુવવાળા વ્યક્તિઓને પરાણે દિલ્લી સુધી સાથે યાત્રા કરવી પડે છે... આ જ યાત્રા એટલે "ચલો દિલ્લી."

લાઇફ અનપ્રેડિક્ટેબલ છે... આપણી ચોક્કસ ધારણાઓ પ્રમાણે આપણે જીવન જીવી શકતા નથી... ઉપરવાળાએ આપણા માટે શું નિર્માણ કર્યું છે, તે આપણે જાણતા નથી... એ માટે જ જીવનમાં જે ઘડીએ જે ક્ષણે આપણી સાથે કોઇ પણ ઘટના ઘટે તે સ્વીકારી લેવાની આવડત કેળવી લેવી આવશ્યક છે.

લારા દત્તા અને વિનય પાઠક અનાયાસે એક પ્લેનમાં મુંબઇથી દિલ્લી આવતા ભેગા થઇ જાય છે... પરંતુ ઇમરજન્સી લેન્ડીંગ અચાનક જયપુરમાં થઇ જાય છે... અડધી રાત્રે જયપુર ઉતરીને લારાદત્તા ટેક્સી પકડીને જયપુરથી દિલ્લી જવા નીકળે છે... પણ ટેક્સીનો ડ્રાઇવર બે દિવસથી સળંગ કાર ચલાવવાના કારણે ઝોકા ખાતો હોય છે... હજી થોડા જ આગળ જાય છે અને ડ્રાઇવરના ઝોકાથી ત્રાસેલી લારા દત્તા તેને સરખી રીતે કાર ચલાવવા કહે છે, અને ગુસ્સે ભરાયેલો ડ્રાઇવર ગાડી ઊભી રાખી દે છે, ત્યારે બિસ્તરા પોટલા સાથે વિનય પાઠક પણ કારમાં બેસી જાય છે... અને પછી શરૂ થાય છે, હાસ્યની વણથંભી વણઝાર...

લારા દત્તાને એક ક્ષણ પણ વિનય પાઠક જેવા રેઢિયાળ અને બેદરકાર વ્યક્તિ સાથે એક મિનિટ પણ રહેવું પોસાય તેમ નથી પરંતુ સંજોગો એવા ઊભાં થાય છે કે, બંનેને સાથે જ મુસાફરી કરવી પડે છે...

એક પછી એક અણધારેલી પરિસ્થિતિઓને કારણે બંનેની યાત્રા ઉત્તરોત્તર વધારે કષ્ટદાયી જ બનતી જાય છે... પરંતુ આમાની દરેક પરિસ્થિતિમાં વિનય પાઠક મુંઝાવાના બદલે કે ગુસ્સે થવાના બદલે બસ! બધી સિચ્યુએશનનો આનંદ જ માણે છે... અને વારંવાર તેની એક જ ટેગ લાઇન બોલતો રહે છે,

"ઇસમેં કૌન સી બડી બાત હો ગઇ!..."

"દુઃખ આયે તો ઉસે જોર સે હસ કે ભગા દો..."

પ્લેનથી શરૂ કરેલી મુસાફરી કાર, ઊંટલારી, છકડો, ટ્રેન અને છેલ્લે ફરી કાર દ્વારા સમાપ્ત થાય છે... ફિલ્મના અંત સુધીમાં ધીરે - ધીરે લારા દત્તા પણ પરિસ્થિતિની સામે થઇને હેરાન થવા કરતાં પરિસ્થિતિઓને હસીને સ્વીકારી લેવાની કળા વિનય પાઠક પાસેથી અજાણ પણે શીખતી જાય છે...

અંતે છેલ્લે લારા દત્તાના હસબન્ડના મહેમાન કલાકારના રોલમાં રહેલો અક્ષયકુમાર બંનેને રાજસ્થાનનાં નાનકડાં શહેરમાંથી દિલ્લી સુખરૂપ પરત લઇ આવે છે... સારા દત્તાના ખૂબ આગ્રહ છતાં વિનય પાઠક ચાંદની ચોકની બહારની ગલીમાં જ ઉતરી જાય છે... પિક્ચર અહીંયા પૂરું થઇ ગયું હોત તો કશુંક મિસીંગ લાગત... પરંતુ પિક્ચર આગળ ચાલે છે...

બિઝનેશના બિઝી શિડ્યૂલને કારણે તેના પતિ અક્ષયકુમારે ગોઠવેલી તેની બર્થ-ડે પાર્ટીને ઇગ્નોર કર્યા કરતી લારા દત્તા હવે તેના બધા જ શિડ્યૂઅલ કેન્સલ કરીને તેના પતિ સાથે બર્થ-ડે ઉજવવા અને પાર્ટી કરવા તૈયાર થઇ જાય છે... આ માટે બંને કારમાં જ મહેમાનોનું લીસ્ટ બનાવવા લાગી પડે છે... ત્યારે તરત જ અક્ષયકુમાર કહે છે કે, તારો પહેલો ગેસ્ટ તો વિનય પાઠક જ હોવો જોઇએ... લારા દત્તા તરત જ કાર પાછી વળાવે છે, અને જે ગલીની બહાર વિનય પાઠક ઉતરી ગયો હોય છે, તે ગલીમાં તેનું ઘર શોધતાં શોધતાં તેના ઘરે પહોંચે છે અને જે દૃશ્ય જુએ છે, તેનાથી દંગ રહી જાય છે...

રૂમમાં એક પલંગ પડ્યો હોય છે, પલંગ પર એક કોમામાં સરી ગયેલી સ્ત્રી સૂતી હો છે, વિનય પાઠક તેની પાસે બેસીને તેનો હાથ, હાથમાં લઇને તેને મુસાફરીની વાતો રસપૂર્વક સંભળાવતો હોય છે...

લારા દત્તા આ દૃશ્ય જોઇને બારણાં પર જ સ્તબ્ધ બનીને ઊભી રહી જાય છે... વિનય પાઠકની પત્ની ચાર વર્ષથી કોમામાં છે, તેની બે દીકરીઓ છે, તે બંને તેની માસીના ઘરે મોટી થઇ રહી છે... વિનય પાઠકની કાપડની નાની દુકાન ચાંદની ચોકમાં છે, ઘરમાં એક નર્સ રાખી છે, જે વિનય પાઠકની ગેરહાજરીમાં તેની પત્નીનું ધ્યાન રાખે... ખૂબ જ સામાન્ય ઘરમાં રહેતું આ દંપતિ છે. વિનય પાઠક આ કારમો ઘા જે કુદરત તરફથી મળ્યો છે, તે જીરવી ચૂક્યો છે, અને તેથી જ તે દરેક પરિસ્થિતિને અનુકૂળ બનીને જીવી જાણે છે... અને કહી શકે છે કે, "ઇસ મેં કૌન સી બડી બાત હૈ..."

છેલ્લે વિનય પાઠક જણાવે છે કે, હું તમને મારા સ્કૂટર પર બહાર સુધી મૂકી આવું છું. જતાં જતાં તે એની પત્નીને કહે છે કે, "હું હમણાં આ મે'મ સાબને મૂકીને આવું છું." આ સાંભળીને લારા દત્તા આશ્ચર્ય ચકિત થઇ જાય છે. પૂછે છે કે - "ના, નથી સાંભળતી શકતી પરંતુ હું તો બોલી શકું છું ને!"

પત્ની કોમામાં સરી ગઇ હોય, દીકરીઓ બીજા કોઇના ઘરે મોટી થઇ રહી હોય... નિઃશ્વેતન પડેલી પત્ની અને દીકરીઓના વિરહ છતાં પણ આ વ્યક્તિ દુઃખને હસી કાઢે છે...

પરિસ્થિતિ સામે આવી પડી છે, ઇશ્વરે આપણી કસોટી શરૂ કરી દીધી છે, પછી તેમાં કોઇ પરિવર્તન થઇ શકવાનું નથી... We have to Face it. રોદણાં રોતા રહેવાથી બધું સરખું તો નથી થઇ જવાનું ને! કુદરત તેનું કામ કરે અને આપણે આપણું કામ કરવાનું છે...

દુસરો કા દેખ કે અપના મરહમ લગતા હૈ...

દુનિયામાં કલંદર એ જ બની શકે છે, જે પીડાને પણ હસી કાઢતો હોય... બીજા અનેક લોકો કદાચ આપણાથી પણ વિષમ પરિસ્થિતિઓમાંથી પસાર થઇ રહ્યાં હશે... આપણા દુઃખને બિલોરી કાચ લઇને જોયા કરવાથી નાના ઘાવને નસ્તર બનાવવા જેવું કામ છે...

Take a chill pill... ઇસમેં કૌનસી બડી બાત હૈ... સવારે છાપું નથી આવતું તો આપણે ધુઆ... પુઆ... Bus Stand પર બસ નથી આવતી તો આપણે ચીડાઇ જઇએ... રસ્તા પર ટ્રાફિક વધુ હોય તો આપણે ગુસ્સે થઇ જઇએ છીએ... Don't worry યાર! ઇસમેં કૌન સી બડી બાત હૈ... નાની નાની વાતો પર ધ્યાન આપીને વધુ મોટી બનાવવામાં મજા નથી દોસ્તો...!

અનેક એવોર્ડ, સન્માનોથી વિભૂષિત અને સતત ધબકતા નરેશભાઇ અનેક સંસ્થાઓ સાથે જોડાઇને ક્ષણે - ક્ષણે સેવાકીય રચનાત્મક કાર્યો કરે છે

સંસ્કાર, સંગઠન સાથે સકારાત્મક દૃષ્ટિપાત્ર ક્રિએટીવ પુરષ : નરેશભાઇ પટેલ
મોંઘેરા મોતી
- નટવર આહલપરા

"મને લાગે છે, વિચારવું એ બહું જ મુશ્કેર કાર્ય હોવું જોઇએ, એટલા માટે એ તરફ બહુ ઓછા લોકો જાય છે."

- હેનરી ફોર્ડ

વૈજ્ઞાનિકોની શોધો કરોડો લોકોનું બલું કરે છે. તેમ એક ક્રિએટીવ વ્યક્તિના સકારાત્મક વિચાર પણ લાખો લોકોમાં સંસ્કાર, શિક્ષણ, સંગઠન, સ્નેહનું ક્રિએશન કરી શકે છે, તેની પ્રતીતિ ૨૧મી સદીના ઐતિહાસિક શિલાપૂજન વિધિ વેળાએ રાજકોટ પાસેના કાગવડ ગામે શ્રી ખોડલધામમાં સંવત - ૨૦૬૮, પોષ વદ તેરસને તા. ૨૧-૦૧-૨૦૧૨ શનિવારે થઇ હતી.

આવા યાદગાર નિર્માણ કાર્યમાં પોતાના સકારાત્મક વિચારોને વિશ્વ કક્ષાએ મૂકનાર સર્જનાત્મક પુરૂષનું નામ છે : નરેશભાઇ પટેલ. એટલે કે નરેશકુમાર, પિતા રવજીભાઇ અને રંભાબહેનને ખોળે ઉછરેલા નરેશભાઇ સદાય સ્વસ્થ, પ્રસન્ન, સૌમ્ય સ્વભાવના માલિક દેખાય છે. રાજકોટ જેમનું મૂળવતન છે. ગ્રેજ્યુએટની પદ્‌વી પ્રાપ્ત નરેશભાઇએ ૧૯૮૬માં શ્રીમતી શાલિનીબહેન સાથે સંસારજીવનના પગરણ માંડ્યા. ત્રણ સંતાનોનાં વાલી શાલિનીબહેન અને નરેશભાઇ ધર્મ, વ્યવહાર અને કર્મને સરસ નિભાવી રહ્યા છે. અહીં મને નરેશભાઇના વ્યક્તિત્વને ધ્યાનમાં રાખી સૌરાષ્ટ્રનાં પનોતા પુત્ર, ભારતના વડાપ્રધાનના સલાહકાર અને વૈજ્ઞાનિક ડો. સામ પિત્રોડાના શબ્દો ઉતારવા ગમશે.

તેઓ કહે છે કે, "આપણા વિચારો બદલાશે, તો જ ધર્મ અને કર્મ પરસ્પરની શિસ્ત આપશે. ભારતીય વિચારનો પાયોઆ બે ટ્રેકને બેલેન્સ કરવાનું સત્ય સમજાવે છે. એ સત્ય આપણે સમજવું પડશે."

નરેશભાઇ પટેલના વિચારો પણ અન્ય માટે પ્રેરક રહ્યા છે. તેઓ કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા કહે છે કે, "કોમ્પ્યુટર જમાના પ્રમાણે ઉત્તમ માધ્યમ છે, પરંતુ શાંતિથી દૂર લઇ જાય છે."

ભલે વાચન માટે સમય ન બચાવી શકતા. તેઓ સમાજની કે રાષ્ટ્રની પરિપક્વતા અને સંસ્કારને હંમેશા મહત્ત્વના ગણે છે. ગિનિશ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા પછી પણ નરેશભાઇ એકતા અને અંખડિતતાને હંમેશા જોવા કટિબધ્ધ છે. સૌની ચેતના ભેગી થાય તો શું ન થઇ શકે? આવા જબરા વિશ્વાસ સાથે આગળ વધી રહેલા તેઓ "દોવા દેવ મહાદેવ" ઉપર અપાર શ્રધ્ધા ધરાવે છે. પણ, બાધા, આખડી, માનતા, આસ્થા, ઉપવાસ, વ્રત અને એકટાણાંમાં વિશ્વાસ રાખતા નથી. જાતે ઘૂમી વળ્યા છે અને પર્યટનો - પ્રવાસો, તીર્થાટનો કર્યાં છે.

અનેક એવોર્ડ, સન્માનોથી વિભૂષિત અને સતત ધબકતા નરેશભાઇ અનેક સંસ્થાઓ સાથે જોડાઇને ક્ષણે - ક્ષણે સેવાકીય રચનાત્મક કાર્યો કરે છે. તેઓ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીમાં ચેરમેન, રાજ બેંકમાં વાઇસ ચેરમેન, પ્રમુખ વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી રાજકોટ એજ્યુ. એસોસીએશનમાં તેમજ શ્રી મોતીબહેન જાદવજીભાઇ માલાણી એજ્યુ. ટ્રસ્ટ, ખામટા, રાજકોટ ખાતે રહ્યાં. ઉપરાંત સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન, શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ, જામનગરની સંસ્થાઓનાં પ્રમુખપદ શોભાવી રહ્યાં છે.

નરેશભાઇ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ, નાથદ્વારા તેમજ સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીપદે કાર્યરત છે.

આ વ્યક્તિત્વને પોંખતી ચિંતક બિસ્માર્કની એક સુંદર પંક્તિ આ પ્રમાણે છે :

- એક... આયોજનમાં ઉદારતા,
- બે... એના અમલીકરણમાં માનવતા,
- ત્રીજી... સફળતા પછીનો સમય.

નરેશભાઇ જીવનની યાદગાર ક્ષણો માટે કહે છે કે, "શ્રી ખોડલધામ મંદિર તા.૨૧-૦૧-૨૦૧૧ શિલાન્યાસ અને તા. ૨૧-૦૧-૨૦૧૨ શિલાપૂજન મારા જીવનની પ્રેરક ક્ષણો રહી છે અને રહેશે. મારા જીવન સ્વપ્નની ફલશ્રુતિ એ છે કે, હરિના શરણમાં રહેવું."

સરસ વિચારોનું ભાથું ધરાવતા નરેશભાઇ ઝાઝી જિંદગી બચાવવા રક્તદાન પ્રવૃત્તિ માટે સભાન છે. યુવાનો, પુરૂશાર્થી, નિર્વ્યસની, સંસ્કારી, વિઘ્ન અને શિક્ષિત બની સફળતાના શિખરે પહોંચે તેવી અદમ્ય ભાવના પણ ધરાવે છે.

સારૂં જીવન, ઉચ્ચ વિચાર એ ભારતીય સંસ્કૃતિ છે. એને અપનાવી જીવનમાં, વ્યવસાયમાં, સમાજમાં વિકાસકૂચ કરી રહેલાં નરેસભાઇ ધર્મ અને કર્મ વચ્ચે બેલેન્સ રાખી આગળ પ્રસ્થાન કરી રહ્યાં છે, ત્યારે તેમના દીર્ઘાયુ માટે અનેકાનેક શુભેચ્છા આપીએ અને કહીએ...

રોજ એકાદ માનવીને સુખી કરજો જ,
પછી ભલે તમારી જાત કેમ ન હોય...!

- સ્ટેન્ડ હોલ

તેમનો મોબાઇલ નંબર છે : ૯૮૭૯૫૭૮૫૦૭

ધીરજથી સમજીને વાંચવું અને વાંચતા વાંચતા કે તે પછી તેની નોંધ કરવી આવશ્યક છે, સંક્ષિપ્ત નોંધ એ સ્મરણશક્તિને જાગૃત કરે છે, પુનઃ જયારે સંક્ષિપ્ત નોંધ વંચાય છે ત્યારે સમગ્ર ગ્રંથ સ્મૃતિપટ ઉપર આવે છે જે સૌથી વધુ લાભદાયક છે

'હથોડી અને ટાંકણું'
- હર્ષદરાય ઉપાધ્યાય

માણસને ઓળખવો હોય તો તે જૂઓ કે તે કેવાં પુસ્તકો વાંચે છે.

પુસ્તક એ આપણો સૌથી સાચો અને વફાદાર મિત્ર છે. જે કદી અભિપ્રાય બદલતો નથી. વિશ્વમાં એવા અનેક માણસો હશે કે જેમણે કપરામાં કપરાં સમયમાં માત્ર પુસ્તકે જ સાથ આપ્યો હોય.

અસંખ્ય યુવાનોને રાહ ચિંધી વિજયપથ ઉપર લઇ આવનાર પુસ્તકો જ હોય છે. ગરીબમાં ગરીબ માણસ પણ પુસ્તકોના સહારે અમીરી માણી શક્યાના અનેક ઉદાહરણો છે.

દુઃખ, ભૂલવા, બિમારીનું દર્દ ભૂલવા, દુર્દશામાંથી બહાર લાવવા, નિરાશામાં આશાનો સંચાર કરવા પુસ્તકો જ કામ લાગે છે.

અનેક એકલા માણસોને પુસ્તકો ઉત્તમ સહારો આપી રહ્યાં છે. ગરીબમાં ગરીબ માણસ હોય, તિરસ્કારાયેલ હોય, એક પ્રયત્નો છતાં સત્પુરૂષો કે મહાપુરૂષોનું સાંનિધ્ય કે નીકટતાની તક ન મળી હોય છતાં પુસ્તક રૂપે તેમને પ્રાપ્ત કરી શકાય છે. ગરીબ મહેલમાં રહી શકે છે અને કેદી મુક્ત હવામાં વિહરી શકે છે. રાજા મહારાજાઓનો સાથ મેળવી શકાય છે. મહાન હસ્તીઓના મિત્ર બની શકાય છે.

સહેજ વિચારશો તો સમજાશે કે કેટલા તત્ત્વચિંતન, મનોમંથન તથા વિપુલ જ્ઞાનોપયોગના અંતે પુસ્તક લખાયું હોય છે અને મોટા પ્રેસમાં ભારે ખર્ચમાં છપાયા બાદ સાવ નજીવી કિંમતમાં કોઇને પણ તે ઉપલબ્ધ થઇ શકે છે. તેના અખૂટ જ્ઞાનભંડારનો અનેકના જીવન ઉપર કેટલો મોટો પ્રભાવ પડી શક્યો છે?

વિદ્વાનોની આખી સેના તમારી આસપાસ તમે ગોઠવી શક્યા તો સમજવું કે જીવનનો એક પણ જંગ તમે હારવાના નથી... જેટલું વધુ વાંચવું અને વિચારવું તેટલો વધુ લાભ અવશ્ય થાય જ છે.

એવું પણ બન્યું છે કે કોઇક કાવ્યસંગ્રહ કે ગ્રંથના વાચનના પરિપાક રૂપે એકગ નવો કવિ અને લેખક ઉત્પન્ન થયો હોય.

હાં, વાંચનના પ્રકારોમાંના નકારાત્મક વાચનથી અપરાધ ના રસ્તે ઘણાં પહોંચી ગયા છે. પરંતુ એ તો વાંચનાર અને તેણે કરેલ વાચન ઉપર નિર્ભર રહે છે.

આપણા બાળપણ વખતે કરવામાં આવેલ વાચનની આપણા જીવન ઉપર સૌથઇ ઊંડી અસર પડે છે. એવું કહી શકાય કે ગર્ભસ્થ અવસ્થાથી પ્રૌઢ અવસ્થાની સ્થિતિ. આપણું જીવન જેવું જઇ રહ્યું છે તેના મૂળમાં કદાચ બાળપણ વખતે વાંચેલ પુસ્તકો હોઇ શકે છે.

પુસ્તક ખરેખર તો આપણને આપણી ઓળખ કરાવે છે. પુસ્તક દ્વારા આપણા અભિપ્રાયો, વિચારસરણી, રૂઢિઓ, માન્યતાઓ, વિશાળતા, વગેરે સ્પષ્ટ થાય છે.

પુસ્તક એ સાચા અર્થમાં શિક્ષકની ગરજ સારે છે. એવું જોવા મળે છે કે જે કક્ષાનાં પુસ્તકો વ્યક્તિ વાંચે છે તે કક્ષાએ તે પહોંચે છે. શુધ્ધ વિચાર અને આચરણ દર્શક પુસ્તકો એ જ ઉત્તમ ગ્રંથો છે.

પુસ્તકાલયમાં જતાં જ વિશ્વના મહાન વિચારકો, કવિઓ, લેખકો, તત્ત્વચિંતકોથી આપણે ઘેરાઇ જઇએ છીએ. ત્યાં ઔપચારિકતા ખાતર તેમનો પરિચય કરાવનારની પણ જરૂર પડતી નથી. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ લેખક એ હલ્કામાં હલ્કા માણસ જોડે મિત્રતા કરે છે. સૌ સમાન ત્યાં બની જાય છે. રાગ, દ્વેષ, ઊંચ, નીચ, અમીર, ગરીબ એવી ભેદરેખા ત્યાં નામશેષ બની જાય છે.

સોલોમન અને સોક્રેટીસે તો એમ કહ્યું છે કે, "વિશ્વની સઘળી સંપત્તિ અને પુસ્તકો બેમાંથી એકને પસંદ કરવાનું હોય તો હું પુસ્તકોને પસંદ કરીશ."

પુસ્તક વગરનું ઘર એટલે બારી વિનાનું ઘર. આજે વાચન એ આવશ્યક બની ગયું છે. ઘરમાં સગવડનાં તમામ સાધનો હોય પરંતુ પુસ્તકો ન હોય તો તે ઘર કેટલું ખરાબ લાગે છે?

દાન કરવા યોગ્ય ચીજ જો કોઇ હોય તે તે શ્રેષ્ઠ પુસ્તકો. પ્રભુને પ્રાર્થના કરતી વખતે એક વાત ઉમેરવા જેવી છે કે હે પ્રભુ! જીવનની અંતિમ પળોમાં પુસ્તક મારા હાથમાં હોય અને મુખમાં તારૂં નામ હોય તેમ કરજે. વાચન કરવાની યોગ્ય રીત છે. જેમ કે, લક્ષ્ય વિના વાંચવું, સરળ વાંચન કરવું, ઉત્સાહ વગર વાંચવું, યાંત્રિક વાંચવું, ઉપરછલ્લું કે ઉતાવળે વાચવું તે ન વાંચવા કરતાં વધુ નુકસાનકારક છે.

શરીરનો ખોરાક અને મગજનો ખોરાક અલગ છે. વિચારપૂર્વકનું વાચન અને ચાવી ચાવીને ખાધેલું અન્ન જ શ્રેષ્ઠ ખોરાક સાબિત થયાં છે. ખોટી રીતે વાંચવાથી મગજને ખૂબ તકલીફ પડે છે અને સ્મરણશક્તિને હાની પહોંચે છે.

ધીરજથી સમજીને વાંચવું અને વાંચતા વાંચતા કે તે પછી તેની નોંધ કરવી આવશ્યક છે. સંક્ષિપ્ત નોંધ એ સ્મરણશક્તિને જાગૃત કરે છે. પુનઃ જયારે સંક્ષિપ્ત નોંધ વંચાય છે ત્યારે સમગ્ર ગ્રંથ સ્મૃતિપટ ઉપર આવે છે જે સૌથી વધુ લાભદાયક છે.

અબોલ અને જડ પુસ્તકો મસ્તિષ્ક દ્વારા બોલે છે, અને વિશ્વને ખૂણે ખૂણે પહોંચી જાય છે.

મિત્રો સાથ છોડે છે યા વિચારો બદલે છે પરંતુ પુસ્તક હરહંમેશ એમ જ રહે છે. સદા સહાયક પુસ્તકનો સાથ કદી ન છોડશો. તો ચાલો, સુંદર પુસ્તકને કાયમી મિત્ર બનાવવા નીકળી પડીએ.

મમરો :

બુકે ને બદલે બુકથી અભિવાદન કરવાં. કેમ કે, "બુકે" સુકાઇ જશે જયારે 'બુક' તમને સુકાતાં અટકાવશે.